રિઝર્વ રૂમ ન મળતાં મહિલા જજે કોર્ટ સંકુલમાં રાત્રિ વિસામો કર્યો

આખી રાત પોલીસે મહિલા જજની ચોકી કરી હતી

ડીસા, તા.૨૧

ડીસા ખાતે કોર્ટમાં તાજેતરમાં વડોદરા ખાતેથી જયુડીશીયલ મેજીસ્ટ્રેટ તરીકે બદલી થઈ આવેલા. જો કે ગઈ કાલે સાંજે ડીસા આવેલા મહિલા જજને રહેવા તંત્રે આવાસ ફાળવણી કરી ન હતી. પોતાની કારમાં ઘરવખરી સાથે આવેલા મહિલા જજશ્રીએ તે બાદ વહીવટી તંત્રના લાગતા વળગતા તમામ અધિકારીઓ પાસે પોતાને રહેઠાણ માટે વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવા રજૂઆત કરી હતી. જો કે અધિકારીએ ખાલી પડેલા રૂમો ચૂંટણી નિરિક્ષકો માટે ફાળવાયેલા હોવાની કેફિયત રજુ કરી રૂમ ફાળવેલ નહીં. જે બાદ વિપરિત પરિસ્થિતિ વચ્ચે મહિલા જજે ડીસા કોર્ટના મુખ્ય પ્રવેશદ્વાર આગળ જ પોતાની કાર પાર્ક કરી કારમાં રાત્રિ વીતાવી હતી. આ મામલાની વહેલી સવારે ડીસા કોર્ટના વકીલશ્રીઓને જાણ થતાં સૌ સ્તબ્ધ બન્યા હતા અને આ પજવણીકારક ઘટનાને વખોડી દોષિતો સામે ન્યાયીક કાર્યવાહીની માંગ કરતા ચકચાર જાગેલ છે.

સરકારના જે તે વહીવટીતંત્ર માટે શરમજનક કહી શકાય તેવી આ ઘટનાની વિગતો જોઈએ તો વડોદરા ખાતેથી તાજેતરમાં ડીસા જયુડીશીયલ જજ તરીકે અલકાબેન દવેની નિમણુંક કરાઈ હતી, જેઓ પોતાનો પદભાર સંભાળવા ગઈ કાલે સાંજે ડીસા આવી પહોંચ્યા હતા. જે બાદ સરકારી વસાહત બાબતનો હવાલો સંભાળતા અધિકારીઓને જજશ્રી અલકાબેન દવેએ સંપર્ક સાધી તેમને રહેવા માટે રૂમ ફાળવવાની રજૂઆત કરી હતી. જો કે નવાઈ વચ્ચે વસાહતના અધિકારીગણ દ્વારા એવું જાહેર કરાયું હતું કે, ચૂંટણી નિરિક્ષકો માટે રૂમો રિઝર્વ છે. જેથી રૂમ ફાળવાશે નહિ. આથી મહિલા જજશ્રીની હાલત કફોડી બની હતી. ન્યાયાધીશની ઉચ્ચતમ ગરિમા જોતાં તેઓ કોઈ સંબંધીના મકાનમાં કે હોટલમાં આશ્રય લઈ શકતા ન હતાં જેથી આ પીડાદાયક પરિસ્થિતિ વચ્ચે જજશ્રી અલકાબેન દ્વારા ડીસા કોર્ટના મુખ્ય પ્રવેશદ્વારને પોતાનું કામચલાઉ ઘર બનાવાયું હતું. અને ઘરવખરીના સાધનો સાથે આ મહિલા જજે ભારે હિંમત બતાવી આખી રાત કારમાં જ વિતાવી હતી.

જો કે આ બાબતે ડીસા બાર એસોસિએશનના સભ્યોને જાણ થતાં એડવોકેટ અશોકભાઈ જોષી તેમજ હિનાબેન ઠક્કર અને અન્ય વકીલો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મહિલા જજશ્રીની કફોડી હાલતના મૂક સાક્ષી બન્યા હતા. આ ચકચારી ઘટનાના સમગ્ર ડીસા સહિત જિલ્લાભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા.

હિંમતનગર-ઈડર હાઈવે પર આવેલ ઘાણઘા ગામ પાસે આજે બપોરના સુમારે ઈન્ડીકા અને મારૂતીકાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં મારૂતિકારના ચાલક રહીમભાઈને ઈજાઓ પહોંચતા હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ઓઢવ ખાતે નજીવી બાબતે એકની હત્યાથી ભારે ચકચાર

શહેરના નિકોલ મુક્તિધામ એસ્ટેટ નજીકની ગણેશધામ સોસાયટીની ઘટના : હત્યા કેસમાં પોલીસની વધુ તપાસ

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદ શહેરમાં તાજેતરના સમયમાં હત્યા, અપહરણના બનાવોમાં વધારો થયો છે. શહેરમાં નજીવી બાબતો પર હત્યાના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. ઓઢવમાં આજે હત્યાનો એક બનાવ સપાટી પર આવ્યો હતો. નજીવી બાબતે હત્યાથી સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી.

મળેલી માહિતી મુજબ આજે વહેલી સવારે મુક્તિધામ એસ્ટેટ પાછળ આવેલી ગણેશધામ સોસાયટીમાં રહેતા ૫૦ વર્ષીય બાબુભાઈ જયરામભાઈ પટેલની તેમના ઘરની સામે જ આરોપી મહેશભાઈ બાબુભાઈ પટેલની નજીવી બાબતે બોલાચાલી થઈ હતી. ૩૬ વર્ષીય મહેશભાઈ બાબુભાઈ પટેલ કૈલાસધામ સોસાયટી મુક્તિધામ એસ્ટેટ પાસે રહે છે. કુતરાને મારવાની બાબતે મહેશભાઈની બાબુભાઈ સાથે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો. લડાઈ ઝઘડા દરમિયાન બાબુભાઈના માથામાં લાકડીઓના ઘા ઝીંકવામાં આવ્યા હતા જેથી તેમને જીવલેણ ઉજા થઈ હતી. ગંભીર ઈજાના કારણે બાબુભાઈનું ઘટનાસ્થળે મોત થયુ હતુ. હત્યા થયા બાદ આ અંગેની ફરિયાદ શિવલાલભાઈ હિરાભાઈએ નોંધાવી હતી. આ ગુનાની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસની શરૂઆતમાં જ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે અને વધુ તપાસ હાથ ધરાઈ છે. સમગ્ર મામલામાં તપાસ જેઆર દેસાઈના નેતૃત્વમાં પોલીસ ટીમ ચલાવી રહી છે. સવારે છ વાગ્યે આ બનાવ બન્યો હોવાનું જાણવા મળ્યુ છે. હત્યારા શખ્સની પુછપરછ થઈ રહી છે.

ટચૂકડી જાહેર ખબર
કોઈપણ રોગ માટે જ
ગમે તેવા હઠીલા, અસાધ્ય, જૂના રોગ તેમજ દવાઓથી કંટાળી ગયેલા લોકો માટે આડ-અસર વિના જડ-મૂળથી સંપૂર્ણ ઈલાજ (૧૦૦%)
કોઈપણ રોગની એક જ દવા
મો. : ૯૦૩૩૨૩૨૧૬૩

ડીસા ખાતે જિલ્લા પોલીસ અધિક્ષકનો લોકદરબાર યોજાયો

ડીસા, તા. ૨૧

ડીસા તાલુકા પોલીસમથક ખાતે જિલ્લા પોલીસ અધિક્ષક અશોકકુમાર યાદવનો લોક દરબાર યોજાયો હતો. જેમાં લોકોએ વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ વિશે ડીએસપીને વાકેફ કરી તેનો અંત આણવા રજુઆત કરી હતી. તાલુકામાં ઠેરઠેર ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ અને દારૂના અડ્ડા બંધ કરાવવા માંગણી કરી હતી. પોલીસ વડાએ આ બાબતે ઘટતુ કરવાની આગેવાનોને ખાતરી આપી હતી. આ પ્રસંગે ડીવાયએસપી રમેશભાઈ પટેલ, તાલુકા પી.આઈ. ગૌસ્વામી, પોલીસ સ્ટાફ તેમજ ઠાકોર સમાજના અગ્રણી ઓધારસિંગ ઠાકોર, રમેશ ઠાકોર (મંત્રી), આખોલ સરપંચ ભરતસિંહ ઠાકોર, માલગઢના પૂર્વ સરપંચ કુંદનલાલ કચ્છવા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કસાબને ફાંસીની સજા થતાની સાથે જ

કોંગ્રેસ કાર્યકરોએ ફટાકડા ફોડી ખુશાલી વ્યક્ત કરી

કસાબ કા હો ગયા હિસાબ અને રાહુલ ગાંધી જીંદાબાદના સૂત્રો પોકાર્યા

હિંમતનગર, તા. ૨૧

સમગ્ર ભારત રાષ્ટ્રમાં ભારત રાષ્ટ્રના દુશ્મન કસાબને ફાંસી ક્યારે મળશે તેની રાહ જોવાતી હતી. જેના માટે કાયદાકીય પ્રક્રિયાઓ પુરી થતાની સાથે જ મહામહીમ રાષ્ટ્રપતિએ દયાની અરજી ફગાવતાની સાથે તાત્કાલિક ધોરણે ફાંસી અપાતાં સમગ્ર ભારત રાષ્ટ્રમાં આનંદ છવાયો હતો.

આવાજ આનંદ અને ખુશીની લહેર વચ્ચે સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના ટાવર ચોક ખાતે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના કાર્યકરોએ ફટાકડા ફોડી ખુશી મનાવી હતી. અને કસાબ કા હો ગયા હિસાબ અને રાહુલ ગાંધી જીંદાબાદના સૂત્રો પોકાર્યા હતા અને કોંગ્રેસ સરકારના આ નિર્ણયને વધાવ્યો હતો.

કાર્યક્રમમાં ચંદ્રસિંહ ઝાલા, જગદીશ જયસ્વાલ, ફારૂક ખણુસીયા, વનરાજસિંહ રાઠોડ, રાજુભાઈ રાવલ, મુકેશ સાંખલા, ઈશાક શેખ, નીસાર સાબુગર, બલવંતસિંહ દેવડા વગેરે કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

દેરોલ પાસે નદીની રેતીની લીઝ મામલે જૂથ અથડામણ

મહેસાણા, તા. ૨૧

તાજેતરમાં વિજાપુર-હિંમતનગર વચ્ચે દેરોલ પાસે નદીની રેતીની લીઝના પ્રશ્ને બે જૂથો વચ્ચે અથડામણ થયા બાદ વિજાપુર તાલુકાના જૂના સંગપુર ગામે સાબરમતી નદીની પાવર ઓફ એટર્નીવાળી લીઝ પર ગયેલ મહેસાણા રાજયસભાના સાંસદના પુત્ર બળદેવજી નટુજી ઠાકોર પર લીઝમાં ભાગના મુદ્દે ચાર ઈસમોએ હૂમલો કરી ઈજાઓ પહોંચાડી હોવાનો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે. જાણવા મળ્યા મુજબ રાજયસભાના સાંસદના પુત્ર બળદેવજી ઠાકોર બપોરના સમયે તેમના મિત્રો સાથે વિજાપુર તાલુકાના સંગપુર ગામે સાબરમતી નદીની લીઝ પર ગયા હતા ત્યારે ચાર ઈસમોએ લીઝમાંથી અડધો ભાગ આપ્યા સિવાય રેતી નહીં ભરવા દઈએ તેવુ જણાવતા બે પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. બાદ ઉશ્કેરાયેલા ચાર ઈસમોએ અચાનક બળદેવજી ઠાકોરને ગડદાપાટુનો માર મારી લાકડી તથા તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કર્યો હતો. જેથી તેમને શરીરે ઈજાઓ પહોંચી હતી.

આ બનાવ અંગે સાંસદ પુત્રની ફરિયાદના આધારે વિજાપુર પોલીસે જયરાજસિંહ દેવેન્દ્રસિંહ રાઠોડ, હરજીતસિંહ અભેન્દ્રસિંહ રાઠોડ, નરેન્દ્રસિંહ નિકુસિંહ રાઠોડ સામે કાયદેસર ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિજાપુર અને હિંમતનગર તાલુકાના કાંઠા વિસ્તારમાં સાબરમતી નદીની લીઝના બાબતે અવારનવાર હિંસક હૂમલાના બનાવો બની રહ્યા હોઈ આ વિસ્તારના લોકોમાં ભયની લાગણી ફેલાઈ છે.

સમાન વેતન આપવા માગ

સરકારની વ્હાલા-દવલાની નીતિ સામે ટ્રાફિક બ્રિગેડના જવાનોમાં રોષ

૮૦ રૂપિયા જેટલું મામુલી વેતન આપીને સરકાર દ્વારા રવિવારનો પગાર કાપી લેવાતી હોવાની ફરિયાદ

હિંમતનગર, તા. ૨૧

ગુજરાત સરકારે થોડા સમય પહેલા ચૂંટણીને અનુલક્ષીને હોમગાર્ડઝ જવાનોના વેતનમાં વધારો કર્યો હતો પરંતુ શહેરમાં ટ્રાફિક નિયમની વ્યવસ્થા કરતા ટ્રાફિક બ્રિગેડના જવાનોના હિતમાં કોઈ પણ નિર્ણય ન લેતા કે પગારમાં પણ વધારો ન કરતા વેતનના મુદ્દે ટ્રાફિક જવાનોમાં કચવાટ ફેલાઈ રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર શહેરમાં ટ્રાફિકના નિયમન માટે સીટી ટ્રાફિક બ્રિગેડના જવાનો ફરજ બજાવી રહ્યા છે. દિવસ દરમિયાન શહેરમાં ટ્રાફિકથી ધમધમતા માર્ગો પર વાહનચાલકોની સાથે ઘણીવાર તો ઉગ્ર બોલાચાલી કરીને પણ ટ્રાફિક મુક્ત રાખી રહ્યા છે.

આમ છતાં આ લોકોને સરકાર દ્વારા માત્ર દૈનિક ૮૦ રૂપિયા પગાર આપવામાં આવી રહ્યો છે. નવાઈની વાત તો એ છે કે ૮૦ રૂપિયા જેટલું મામુલી વેતન આપીને સરકાર દ્વારા તેમનો રવિવારનો પગાર કાપી લેવાય છે ત્યારે આ કામગીરી મોંઘવારીમાં દિનરાતના ટાઢ, તાપ કે વરસાદની ચિંતા કર્યા વિના ફરજ બજાવી રહેલા ટ્રાફિક બ્રિગેડના જવાનોને પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરવું પણ મુશ્કેલ બની ગયું છે. રાજ્ય સરકારે ડિસેમ્બરમાં આવી રહેલી ચૂંટણીઓને અનુલક્ષીને હોમગાર્ડઝના જવાનોનું વેતન રૂ. ૮૦માંથી રૂ. ૨૦૦ કરી દીધુ છે જ્યારે ટ્રાફિક બ્રિગેડના જવાનો માટે કોઈ પણ જાતનો વધારો નથી કરાયો ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ લોકો સામે વ્હાલા દવલાની નીતિ અપનાવી રહી હોવાનો કચવાટ પેદા થયો છે ત્યારે આ કાળઝાળ મોંઘવારીમાં આ હોમગાર્ડઝ જવાનોના હિતમાં સરકાર કંઈક વિચારે તેવી માંગ ઉઠવા પામી છે.

પાલનપુર મુકામે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષોના -તિનિધિઓ સાથે ચૂંટણીલક્ષી બેઠક યોજાઇ

પાલનપુર, તા.૨૧

પાલનપુર મુકામે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એમ. થેન્નારસનના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષોના -તિનિધિઓ સાથે ચૂંટણીલક્ષી બેઠક યોજાઇ હતી. જેમાં કલેકટરશ્રીએ ચૂંટણી -ક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. જેમાં આદર્શ આચારસંહિતાના અમલ અંગે, સભા કે રેલી યોજવા, ચૂંટણી કામગીરી માટે ધાર્મિક સ્થળોનો ઉપયોગ પણ કરી શકાશે નહીં.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી થેન્નારસને જણાવ્યું કે આગામી તા. ૨૩ થી ૩૦ નવેમ્બર સુધી સવારે-૧૧ થી બપોરે ૩ વાગ્યા સુધી ઉમેદવારોના ફોર્મ સ્વિકારવામાં આવશે. નોમિનેશન ફોર્મ ભરતી વખતે શી કાળજી રાખવી તે અંગે પણ કલેકટરશ્રીએ વિગતવાર માહિતી આપી હતી. કલેકટરશ્રીએ કહ્યું કે વિધાન સભા સામાન્ય ચૂંટણી અન્વયે ઉમેદવારો વધુમાં વધુ રૂ. ૧૬ લાખનો ખર્ચ કરી શકશે. તેમજ ઉમેદવારી પત્ર ભરતા પહેલાં બેન્કમાં નવુ ખાતું ખોલાવવું જરૂરી છે. તેમણે કહ્યું કે સભા, ખર્ચ અંગે, ઉમેવારી પત્ર ભરવા કેટલા માણસો અને વાહનોને લાવી શકાય તે અંગે ચર્ચા વિચારણા કરીને સમજ આપી હતી. શ્રી થેન્નારસને કહ્યું કે રાત્રે ૧૦ વાગ્યા પછી સભા કે -ચાર કરી શકાશે નહીં. તેમજ ચૂંટણીલક્ષી રેલી કે સરઘસ વગેરે જેવા કાર્યક્રમો માટે ચૂંટણી અધિકારીની મંજૂરી લેવાની રહેશે.

બેઠકમાં વિવિધ રાજકીય પક્ષોના -તિનિધિઓ સર્વશ્રી મોહનલાલ જોષી, શ્રી રાજુભાઇ ડાભી, શ્રી કરશનજી વાઘેલા, શ્રી જાકીરભાઇ ચૌહાણ, નિવાસી અધિક કલેકટરશ્રી સુધીર પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.એલ.પાંડોર, આસી. કલેકટરશ્રી સુજીતકુમાર, આચારસંહિતા નોડલ અધિકારીશ્રી એ.વી.ઝાલા, ખર્ચના નોડલ અધિકારીશ્રી એ.એમ.ઝાલા, વિધાનસભાના ચૂંટણી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

હિંમતનગર એસ.ઓ.જી. ટીમે એક્સપ્લોઝીવ જથ્થો ઝડપ્યો

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ખારી પાટીયા પાસે જિલ્લા એસ.ઓ.જી.એ એક ઈસમના ટ્રેક્ટરમાંથી એક્સપ્લોજીવ સામાન સાથે પકડી પાડ્યો હતો અને શામળાજી પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

ભિલોડા તાલુકાના ખારી પાટીયા પાસે ગતરોજ રાત્રીના સમયે જગદીશચંદ્ર ગણેશજી મેઘવંશી (રહે. નેગડીયા જિલ્લો ભીલવાડ રાજસ્થાન)એ વગર પાસ પરમીટે પોતાના કબજાના સોનાલીકા ટ્રેક્ટર નં. આર.જે.૦૬-૧૮૭૩ને ગેરકાયદેસર રીતે એક્સપ્લોજીવ બ્લાસ્ટીંગ કરવાનું કોમ્પરેશર ટ્રોલીગાડી પોતાની પાસે નાઈટ્રેટર મિક્સર, ટોટા નંગ-૧૧૦ કિં. રૂ. ૧૧૦૦, તથા ડીટોનેટર કેપો નંગ-૧૮ કિં. રૂ. ૨૭૬૦ સાથે ટ્રેક્ટર કિં. રૂ. પાંચ લાખ તથા કોમ્પ્રેસર કિં. રૂ. ૧,૦૦,૦૦૦ તથા બ્લાસ્ટીંગ કરવા માટેની બેટરી કિં. રૂ. ૫૦૦ મળી કુલ રૂ. ૬,૦૪,૩૬૦ ના એક્સપ્લોજીવ સામાન સાથે જિલ્લા એસ.ઓ.જી.ની ટીમે પકડી પાડ્યો હતો. આ બાબતે જિલ્લા એસ.ઓ.જી.ના નટવરસિંહ રતનસિંહએ શામળાજી પોલીસમથકે નોંધાઈ હતી.

ખામીયુક્ત BRTSની બસો રોડ પર લાક્ષાગૃહ સમાન છે

અમદાવાદ, તા. ૨૧

વારંવાર સળગી ઉઠતી અને અકસ્માત સર્જતી બીઆરટીએસની બસો ખામીયુક્ત હોવાથી શહેરના રોડ પર ફરતાં લાક્ષાગૃહ સમાન બની ગઇ છે એવો આક્ષેપ મ્યુનિ.

કોંગ્રેસ નેતા બદરૂદ્દીન શેખે કર્યો છે. વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું છે કે બીઆરટીએસ પ્રોજેક્ટનું અમલીકરણ વખતે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું તેવું તંત્ર જણાવે છે તેમજ બધી જ બસો હતી જેને કારણે ફીડર બસો ખૂબ જ મોંઘા ભાવે મ્યુ. કોર્પો. દ્વારા ખરીદીને વસાવેલી છે ત્યારે સામાન્ય પ્રવાસમાં આવી રીતે વારંવાર બસો સળગી ઉઠે અને ૪૦ અથવા ૫૦ની સામાન્ય સ્પીડમાં અકસ્માત કરી બેસે ત્યારે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરનાર સેપ્ટ સંસ્થાએ શું ઈન્સ્પેક્શન કર્યું.

પ્રજાની સલામતી માટે શું ધ્યાન રાખ્યું તે પ્રશ્નાર્થ અને સેપ્ટની શંકાસ્પદ ભૂમિકા બની રહે છે. જેથી બસમાં પ્રવાસ કરતા પ્રજાજનો માટે જાનના જોખમરૂપ પુરવાર થઇ છે જેથી તે બસો તથા બસશેલ્ટરની ડીઝાઈન ખામીવાળી હોય તેવું સ્પષ્ટ પુરવાર થાય છે. હાલ અમદાવાદ શહેરના રોડ પર દોડતી નવી બસો પ્રજાજનોના હિતમાં તાકીદે પરત ખેંચી લેવી જોઇએ જેથી ભવિષ્યમાં આવી કોઇ દુર્ઘટના ફરીવાર ના બને અને તે તમામ બસો જે તે કંપનીને પાછી સોંપીને તેની ઉપર તથા થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરનાર તથા બસશેલ્ટરની ખામીયુક્ત ડીઝાઈન બનાવનાર સેપ્ટ સંસ્થા ઉપર તાકીદે કાર્યવાહી કરવી જોઈએ અને તે કંપની દ્વારા પ્રજાની સલામતી અને સુરક્ષા માટે નવી અદ્યતન ટેકનોલોજી વાળી સલામત બસો મેળવવા તે કંપનીને ફરજ પાડવી જોઈએ. સાથે સાથે અકસ્માતમાં ઈજા પામનાર વ્યક્તિઓને વળતર ચૂકવવું જોઈએ તેની રકમ ફીડર બસો ખૂબ જ મોંઘા ભાવે ફક્ત ચલાવવા માટે આપેલી જે તે કોન્ટ્રાક્ટર પાસેથી વસૂલ કરવી જોઈએ.

SANGHI CEMENT
KisaN
VINAYAK 500
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
R.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ